सत्यमेव जयते

દાખલ તારીખ : ૦૩–૦૧–૨૦૨૩
રજી. તારીખ : ૦૩–૦૧–૨૦૨૩
ફેસલ તારીખ : ૦૯–૦૪–૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ

## ધોરાજીના મહે. એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ, મું. ધોરાજી.

**ફોજદારી કેસ નં.૦૧/૨૦૨૩**

**આંક–**

ફરિયાદીઃ– ઉમેશભાઇ કાનજીભાઇ માણાવદરીયા,
રહે.સુપેડી, તા.ધોરાજી.

**વિરૂધ્ધ**

આરોપીઃ– ઇકબાલભાઇ હુસેનભાઇ નાગોરી,
રહે. સિદ્ધપુરા ખડી, ચારરસ્તા, ઝમઝમ હીલ,
મુ.ચન્દ્રોડા, તા.બેચરાજી, જી.મહેસાણા.

**બાબત:– વટાઉખત અધિનિયમની, ૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયે**

=====================================================
ફરીયાદ પક્ષેઃ– વિદ્વાન વકીલશ્રી આર. એ. શર્મા
આરોપી પક્ષેઃ– વિદ્વાન વકીલશ્રી કોઇ નથી.
=====================================================

## // ચુકાદો //

(૧) આ કામના ફરીયાદીએ અત્રેની અદાલતમાં તા.૦૩.૦૧.૨૦૨૩ ના રોજ આરોપી સામે વટાઉખત અધિનિયમની, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા સબબની ખાનગી ફરીયાદ આપતાં વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાનું કોન્ગીઝન્સ લેવામાં આવેલ અને ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–

૨૦૪ મુજબનો સમન્સ કરવામાં આવેલો તે રીતે ઈન્સાફી કાર્યવાહી ઉત્પન્ન થયેલ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી ધોરાજી તાલુકાના સુપેડી ગામના કાયમી રહેવાસી અને નાગરીક છે. ફરિયાદીની સંયુકત ખેતીની જમીન આવેલ છે. જે જમીનમાં ગત એપ્રિલ–મે–૨૦૨૧ ની સાલમાં ચણાનું વાવેતર કરેલ હતું. જેમા છેલ્લે ચણાના પાકનો ભુકો રહેલ હતો. આરોપી સિદ્ધપુરા ખાડી, ચારરસ્તા, ચન્દ્રોડા, ચા.બેચરાજી મુકામે વેપાર કરે છે અને કાંઈપણ પાકનું છેલ્લે વધેલ માલ ખરીદ કરેલ છે. ખરીદ કરી વેચાણ કરવાનો ધંધો કરે છે. આરોપી ગત એપ્રિલ–મે–૨૦૨૨ ની સાલમાં તેઓનો સંપર્ક કરી ચણાના પાકનો છેલ્લો ભુકી ખરીદ કરેલ હોય જે રકમ રૂા.૧,૨૭,૦૦૦/– થતી હોય જેની સામે આરોપીએ બેંક ઓફ બરોડા–બેચરાજી શાખાનો ખાતા નં.૩૮૨૩૦૧૦૦૦૦૦૫૨૯૦ તા.૧૨.૧૦.૨૦૨૨ નો ચેક નં.૦૦૦૧૫૧ નો આપેલ હતો. આ સમયે એવો વિશ્વાસ અને ભરોસો આપેલ કે ચેકની રકમનું ચોક્કસ પેમેન્ટ મળી જશે. આરોપીએ આપેલ તા.૧૨.૧૦.૨૦૨૨ નો ઉપરોકત જણાવેલ ચેક તા.૧૩.૧૦.૨૦૨૨ ના જમા કરાવતા અપુરતા ભંડોળને કારણે પરત ફરેલ છે. જેથી ફરિયાદીએ તેઓના વકીલશ્રી મારફતે રજી.એડી.અને સાદી ટપાલથી તા.૦૯.૧૧.૨૦૨૨ ના રોજ નોટીસ આપેલ જે નોટીસ આરોપીને તા.૧૪.૧૧.૨૦૨૨ ના રોજ મળેલ હોવા છતાં પણ આરોપીએ ચેક મુજબની રકમનું પેમેન્ટ કરેલ નથી. આરોપીએ આપેલ ચેક ભંડોળના અભાવે પરત ફરતાં અને નોટીસ આપવા છતાં ચેક મુજબની રકમ આપેલ ન હોય નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ છે.

(૩) ફરીયાદપક્ષે પોતાના કેસ પુરવાર કરવાના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**–: મૌખિત પુરાવો :–**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી ઉમેશભાઇ કાનજીભાઇ માણાવદરીયાનું | ૦૫ |

| | | |
|---|---|---|
| | સોગંદનામુ | |

**<u>–: દસ્તાવેજી પુરાવો :–</u>**

| અ.નં. | વિગત | માર્ક |
|---|---|---|
| ૧. | ગા.ન. ૮–અ | ૪/૧ |
| ૨. | ગા.ન. ૮–અ | ૪/૨ |
| ૩. | ગા.ન. ૮–અ | ૪/૩ |
| ૪. | વે–બ્રીજની રીસીપ્ટ | ૪/૪ |
| ૫. | વે–બ્રીજની રીસીપ્ટ | ૪/૫ |
| ૬. | બેંક ઓફ બરોડા ચેક નં.૦૦૦૧૫૧ | ૪/૬ |
| ૭. | ઇલેકટ્રોનિક રીટર્ન મેમો | ૪/૭ |
| ૮. | નોટીસ | ૪/૮ |
| ૯. | પોસ્ટની પહોંચ | ૪/૯ |
| ૧૦. | ટ્રેક કન્સાઇનમેન્ટ રીપોર્ટ | ૪/૧૦ |
| ૧૧. | આધારકાર્ડની ઝેરોક્ષ નકલ | ૪/૧૧ |

(૪) સદર કામે ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**૧.** શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આરોપીએ ફરીયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવવા માટે આરોપીએ ફરિયાદીને રૂા.૧,૨૭,૦૦૦/– પુરાનો તા.૧૨.૧૦.૨૦૨૨ નો ખાતા નં.૩૮૨૩૦૧૦૦૦૦૫૨૯૦ ના ચેક નં.૦૦૦૧૫૧ નો બેંક ઓફ બરોડા–બેચરાજી શાખાનો લખી આપેલ જે ચેક ફરીયાદીએ તેમની બેંકમાં નાખતા ચેક અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ અને ફરીયાદીએ રજી.એડી. અને સાદી ટપાલથી નોટીસ આરોપીને તા.૦૯.૧૧.૨૦૨૨ ના રોજ નોટીસ આપેલ જે આરોપીએ મળી ગયેલ હોવા છતાં નોટીસ મુજબ અમલ ન કરી આરોપીએ,

વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે ?

૨. શું બચાવપક્ષ વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ–૧૩૯ મુજબ ખંડનાત્મક પુરાવો રજુ કરી પોતાનો બચાવ સ્થાપિત કરી શકેલ છે?

૩. શું હુકમ?

(૫) ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩.આખરી હુકમ મુજબ

## <u>//કા ર ણો//</u>

(૬) ફરીયાદી દ્બારા હાલની ફરીયાદ વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબના ગુના અન્વયે દાખલ કરવામાં આવેલ છે, ત્યારે આરોપી સામેના આક્ષેપિત ગુના સાબિત કરવા માટે નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદી પર રહેલી છે.

૧. આરોપીએ પોતાના દ્બારા નિભાવવામાં આવતા ખાતામાંથી નાણાં ચુકવવા ફરીયાદીને ચેક આપેલ.

૨. આરોપીએ ફરીયાદીને આવા ચેક સમગ્ર અથવા અંશતઃ કાયદેસરના દેવા અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ હતા.

૩. ચેક જે તારીખે લખેલ હતા તે તારીખથી ચેકની નિયત સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો.

૪. ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત થયેલો.

૫. ચેક પરત થયાની માહિતિ મળ્યા બાદ ફરીયાદી દ્બારા ૩૦ દિવસની સમયમર્યાદામાં નાણાંની માંગણી કરતી લેખિત નોટીસ ચેક લખનાર (આરોપી)ને મોકલવામાં આવેલ હતી.

૬. આરોપીને આવી લેખિત નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેક મુજબના નાણાં પંદર દિવસની સમયમર્યાદામાં ચુકવી આપેલા નથી.

વધુમાં વટાઉ ખત અધિનિયમની કલમ-૧૧૮(એ) તથા કલમ-૧૩૯ મુજબ જયાં સુધી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી કાયદેસરના દેવા પેટે ચેક આપેલાનું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે, વિરુધ્ધનું પુરવાર ન થાય તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનું ખંડન સચોટ પુરાવાથી કરવાનું રહે છે અને આ અનુમાન ખંડન કરવાના બોજા આરોપીના શિરે છે.

**<u>મુદ્દા નં.૧ ની ચર્ચાઃ-</u>**

(૭) આ કામે ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા મુજબના ગુના સબબના તમામ આવશ્યક તત્વો પુરવાર કરવા માટે ફરીયાદીએ સદર એકટની કલમ-૧૪૫(૧) અન્વયે ફરીયાદની હકીકતોને સમર્થનકારક પુરાવાનું આંક-૦૫ થી સોગંદનામુ રજુ કરી આરોપીએ કાયદેસરના દેવા પેટે ચેક આપેલાની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે.

ફરીયાદીના આંક-૦૫ થી રજુ પુરાવાનું મુલ્યાંકન કરતા જોવામાં આવે તો ફરીયાદીના પુરાવામાં જણાવ્યા મુજબ આરોપીએ ફરિયાદીને રૂ.૧,૨૭,૦૦૦/- પુરાનો તા.૧૨.૧૦.૨૦૨૨ નો ખાતા નં.૩૮૨૩૦૧૦૦૦૦૫૨૯૦ ના ચેક નં.૦૦૦૧૫૧ નો બેંક ઓફ બરોડા-બેચરાજી શાખાનો લખી આપેલ જે ચેક ફરીયાદીએ તેમની બેંકમાં નાખતા ચેક અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ અને ફરીયાદીએ રજી.એડી. અને સાદી ટપાલથી નોટીસ આરોપીને તા.૦૯.૧૧.૨૦૨૨ ના રોજ નોટીસ આપેલ જે આરોપીએ મળી ગયેલ હોવા છતાં નોટીસ મુજબ અમલ કરેલ નહી કે આરોપીએ લખી આપેલ ચેકના નાણાં વસુલ અપાવવા દરકાર કે પરવા કરેલ નથી.

વધુમાં, ફરિયાદી પોતાનું સોગંદનામું અને દસ્તાવેજી પુરાવા રજુ કરી આજદિન સુધી કોર્ટમાં હાજર રહેલા નથી અને પોતાનો કેસ પુરવાર

કરેલ નથી તેમજ સોગંદનામા કે દસ્તાવેજી પુરાવાને સંલગ્ન કોઈ હકીકતોને સમર્થન કરતી કોઈ હકીકતો દર્શાવેલ નથી તેમજ રેકર્ડ પરની હકીકતોની રજુઆત કરવા આજદિન સુધી કોર્ટમાં હાજર રહેલ નથી. જેથી આરોપીએ નેગોશીયેબલ ઈન્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ-૧૩૮ ૧૮૮૧ની કલમ-૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું પુરવાર થતુ નથી. જેથી મુદ્દા નં.૧ નો જવાબ અત્રેની અદાલત દ્વારા **"નકારમાં"** ઠરાવવામા આવે છે.

## <u>મુદ્દા નં. ૨ ની ચર્ચા:-</u>

(૮) સદર કેસના રેકર્ડ ઉપરના પુરાવા ધ્યાને લેતા, સદર કામની ફરિયાદ નેગોશીયેબલ ઈન્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબ ફરિયાદીએ ફાઈલ કરેલ છે, પરંતુ ફરિયાદી સદર કેસ દાખલ કરી મુદ્દત તારીખે હાજર રહી કોર્ટને સમર્થન આપેલ નથી. સદર કામે અત્રેની અદાલત દ્વારા ફરિયાદીને તક આપવા છતા તકનો લાભ લઈ પોતાનો કેસ પુરવાર કરવા માટે અત્રેની અદાલતમાં હાજર રહેલ નથી તેમજ ફરિયાદીના વિ.વ.શ્રીએ સદર કામે ફરિયાદીનો કોઈ રીપોર્ટ પણ રજુ કરાવેલ નથી. વધુમાં, આરોપીપક્ષે પોતાના બચાવની હકીકતો પુરવાર કરવા પણ કોઈ હાજર રહેલ નથી. જે તમામ હકીકતો ધ્યાને લેતા, સદર કેસ બે વર્ષ ઉપરાંત જુનો હોય તેમજ ફરિયાદી કોર્ટ સમક્ષ હાજર ન રહેતા તેમજ પોતાના કેસને પુરવાર ન કરતા આરોપીને વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ-૧૩૯ મુજબ ખંડનાત્મક પુરાવો રજુ કરવાનો સવાલ રહેતો ન હોય. જેથી અત્રેની કોર્ટ દ્વારા મુદ્દા નં.૨નો જવાબ **"નકારમાં"** માં ઠરાવી મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો આખરનો હુકમ કરવામાં આવે છે.

## // <u>આખરી હુકમ</u> //

**૧.** સદર કામે ફરિયાદીએ કરેલ નેગોશીયેબલ ઈન્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ-૧૩૮ ની અરજી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૫૬ અન્વયે આથી **"ના-મંજુર"** યાને રદ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપી ઈકબાલભાઈ હુસેનભાઈ નાગોરી, રહે.સિદ્ધપુરા ખડી, ચાર રસ્તા, ઝમઝમ હીલ, મુ.ચંદ્રોડા, તા.બેચરાજી, જી.મહેસાણાનાઓને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૨૫૫(૧) અન્વયે વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ની કલમ–૧૩૮ના ગુન્હા અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

૩. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

– હુકમ, આજ તારીખઃ–૦૯, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ-ધોરાજી.
તા.૦૯/૦૪/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
ધોરાજી.
(જજ કોડ-જીજે૦૧૨૫૮)